અપીલ અરજી નં.૪૦૬ તા.૨૦–૩–૦૯

અરજદારઃ શ્રી ધનુબેન કાંતિલાલ પ્રજાપતિ
સામાવાળાઃ ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનુબેન કાંતિલાલ પ્રજાપતિની તા.૬–૨–૦૯ ની અરજીથી ટેનામેન્ટ નં.૧૯ઈ–૫૫–૧૨૦૫–૦–૦૦૧ અંગે તા.૩૧–૧–૦૯ની અરજી અગે શું કાર્યવાહી કરવામાં આવી તે અંગેની માહિતી તથા નામ ટ્રાન્સફર કયા પુરાવાને આધારે કરવામાં આવ્યુ તેના નોંધ વિભાગ સહિતના તમામ પુરાવાઓની નકલની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૦–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૦૬ /૨૦૦૮–૦૯

શ્રી ધનુબેન કાંતિલાલ પ્રજાપતિની તા.૬–૨–૦૯ ની અરજીથી ટેનામેન્ટ નં.૧૯ઈ–૫૫–૧૨૦૫–૦–૦૦૧ અંગે તા.૩૧–૧–૦૯ની અરજી અગે શું કાર્યવાહી કરવામાં આવી તે અંગેની માહિતી તથા નામ ટ્રાન્સફર કયા પુરાવાને આધારે કરવામાં આવ્યુ તેના નોંધ વિભાગ સહિતના તમામ પુરાવાઓની નકલ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પત્યુત્તર ન પાઠવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૮૮ તા.૨૭–૩–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.એન.ઝેડ/એઆરડી/૪૪ તા.૨૦–૪–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૬–૨–૦૯ ની અરજીથી કુબેરનગર કો.હા.સોસા, વિ–૨, ૧૬૫–બી, ટેના નં. ૧૯ઈ –૫૫– ૧૨૦૫ –૦ –૦૦૧ અંગે તા.૩૧–૧–૦૯ની અરજી અગે શું કાર્યવાહી કરવામાં આવી તે અંગેની માહિતી તથા નામ ટ્રાન્સફર કયા પુરાવાને આધારે કરવામાં આવ્યું તેના નોંધ વિભાગ સહિતના તમામ પુરાવાઓની નકલ ની માહિતી ન મળવાથી તા.૨૦–૩–૦૯ થી અપીલ અરજી કરેલ. જે અંગે નં.આરટીઆઈ સેલ/૪૩ તા.૧૭–૪–૦૯ થી અરજદાર તથા જાહેર માહિતી અધિકારીને તા.૨૧–૪–૦૯ ના રોજ સાંજે ૩.૪૫ કલાકે સુનાવણી અર્થે બોલાવવામાં આવેલ. જેમાં અરજદારે તેણીની તા.૩૧–૧–૦૯ ની અરજી તથા ૬–૨–૦૯ ની આરટીઆઈ હેઠળની અરજીનો હવાલો આપી સને ૨૦૦૭–૨૦૦૮ નું વેરાબીલ તેઓએ ભરેલ અને જયારે ૨૦૦૮–૨૦૦૯ નું વેરાબીલ ન આવતાં ઝોન ઓફિસે ગયેલ ત્યારે ૧૬૫–બ, જમનભાઈએ તેમના નામે કરી દીધેલ છે તેની ખબર પડેલ તેથી ટેના નં. ૧૯ઈ–૫૫–૧૨૦૫ –૦ –૦૦૧ એટલે કુબેરનગર–૨ ના મકાન નં.૧૬૫–બી ના શાના આધારે કયા દસ્તાવેજ આધારે મારા નામથી જમનભાઈના નામુ થયું તેની માહિતી માંગેલ. તે તેણીને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૦–૪–૦૯ સુધી કોઈ માહિતી આપવામાં આવેલ હતી નહીં. તેવી રજૂઆત સાથે સુનાવણી દરમ્યાન આ ટેના નં. ૧૯ઈ–૫૫–૧૨૦૫ –૦–૦૦૧ સને ૨૦૦૫–૦૬ માં હોલ્ડર તરીકે અશોકભાઈ સાથે ધનુબેન કાંતિલાલ નામ હોવાના પુરાવા કોર્પોરેશનના વેરાબીલની નકલ સહિત રજુ કરેલ. સને ૨૦૦૬–૦૭ માં પણ તેમનું નામ ચાલુ હોવાની તથા સને ૧૯૯૯–૨૦૦૦ માં પણ મહાનગરપાલિકા ૧૬૫–બી માં પણ આ બે નામ દર્શાવતા પુરાવા તથા સને ૨૦૦૭–૦૮ ના વર્ષમાં પણ આ જ પ્રમાણે તેણીને વેરાબીલ મળેલ હોવાનો પુરાવો રજુ કરેલ. જયારે તા.૨૭–૨–૦૯ ના પાર્ટી સ્ટેટસ મુજબ જમનભાઈ નામ દાખલ થયેલ હોવાની વિગત સાથે ભાડુત દર્શાવેલ છે જેમાંથી અરજદારનું નામ નીકળી ગયેલ છે આ કાર્યવાહી કયા પુરાવાના આધારે અને શું પ્રક્રિયાથી થયેલ તેની વિગતો તેણીને મળેલ નથી. જે અપાવવા દાદ માંગેલ. તેવી રજુઆત અરજદારે કરેલ છે. સાથે સુનાવણી દરમ્યાન અરજદારે તેણીને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૪૫ તા.૨૦–૪–૦૯ ના પત્ર સંદર્ભે એક કવર મળ્યાની રજુઆત કરેલ. આ રીતે અરજદારને અપીલ તબકકે પણ માહિતી મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી શરૂઆતમાં સર્વેયર અને ત્યાર બાદ સેકશન ઓફિસર હાજર રહેલ. પરંતુ તે આ બાબતે યોગ્ય અને સંતોષકારક પુરાવાઓ કે અપીલ અધિકારીએ પુછેલ પ્રશ્નોના જવાબો આપી શકેલ નહીં . જેના સંદર્ભે નં..આરટીઆઈ સેલ/૭૧ તા.૨૨–૪–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવી તા.૨૩–૪–૦૯ ના રોજ ૩.૩૦ કલાકે સુનાવણીમાં જવાબદાર અધિકારી સ્વયં ઉપસ્થિત રહે તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. સદર દિને સુનાવણીમાં એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર કતારગામઝોન જાહેર માહિતી અધિકારી તરફથી હાજર રહી અરજદારને તા.૨૦–૪–૦૯ ના રોજ દસ્તાવેજ મોકલવામાં આવેલ છે પરંતુ તેમાં નામ ટ્રાન્સફર અંગેના ખાતાકીય કાર્યવાહી અને તુમારના કાગળો સામેલ નહીં હોય તો આજ રોજ અરજદારને મોકલી આપી અપીલ અધિકારીને નકલ સહિત તેની જાણ કરવામાં આવશે તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતમાં અત્રે મોકલેલ માહિતીમાં વિવાદ હેઠળની તથા ૧૬૫ એ માં અરજદારનું નામ ધરાવતાં કાગળોની સાથે એડીશનલ સીવીલ જજ સુરતના દિવાની મુકદમાના ચુકાદા તા.૬–૯–૦૫ ની નકલ પણ રજુ કરવામાં આવેલ છે. જેમાં દાવાના આખરી નિકાલ સુધી વાદીના કબ્જાને દખલ નહીં કરવાનું ફરમાવતો વચગાળાનો આદેશ થયેલ જણાય છે.

પાછળ

તે સિવાય પણ અરજદારે રજુ કરેલ તેણીનાદાવાને સમર્થિત કરતાં કેટલાક કાગળો જણાય છે. પરંતુ આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા જોતાં દફતરી માહિતી ઉપલબ્ધ કરાવવાની જોગવાઈને ધ્યાને લેતાં અપીલના આ તબકકે થયેલ કાર્યવાહીની સમીક્ષા કે સમાલોચના કરવાનું આરટીઆઈ કાયદાકીય સીમાની બહાર હોઈ તે વિશે ટીપ્પણી કરવામાં આવતી નથી. તેમ છતાં અનુસરાયેલ કાર્યપધ્ધતિ અને અપીલ દરમ્યાન ધ્યાને આવેલ કેસ હકીકત ધ્યાને લેતાં કાર્યપધ્ધતિમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાનો અભિગમ ભાર પૂર્વક અપનાવવા જોગ હોવાનું અવલોકન છે. અને આરટીઆઈના કાયદા ધ્વારા તેના આમુખ હેતુ અને ઉદ્દેશોમાં તે અંગે વૈધાનિક જોગવાઈ પણ કરેલ છે. અરજદારને આપેલ કાગળો પૈકી પણ અરજદારે માંગેલ કાર્યવાહી અને નામ તબદીલના કાગળો સમાવિષ્ટ થયેલ જણાતા નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૬–૨–૦૯ ની અરજી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા ટેના નં .૧૯ઈ–૫૫–૧૨૦૫ –૦ –૦૦૧ના નામ ટ્રાન્સફર અંગેના ખાતાકીય કાર્યવાહી અને તુમારના કાગળો નહીં પૂરા પડાયેલ હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭ (૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)ને જણાવવામાં આવે છે."

અરજદારની તા.૬–૨–૦૯ ની અરજીમાં નિર્દિષ્ટ અને બીડેલ તા.૧–૧–૦૯ ની અરજીમાં જણાવેલ કાર્યવાહી હાથ ધરવાને લગતી બાબતે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધનુબેન કાંતિલાલ પ્રજાપતિ,